# રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧, ગાંધીનગર

"મદદનીશ કેળવણી નિરીક્ષક (વર્ગ-3) (પ્રાથમિક શાળાઓ) માટેની Special Competitive Exam-૨૦૨૪ જાહેરનામું

સંદર્ભ: પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીના તા.૧૬/૦૮/૨૦૨૪ ના પત્ર ક્રમાંક:-પ્રાશિનિ/મકમ/ક.૧/કે.નિ./૨૦૨૪/1796

જાહેરનામાં ક્રમાંક:રાપબો/AEI/સેમી/૨૦૨૪/૧૦૧૭૯-૧૦૨૯૯ તા.૦૪/૧૨/૨૦૨૪

નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીના તા.૧૬/૦૮/૨૦૨૪ ના પત્ર ક્રમાંક:-પ્રાશિનિ/મકમ/ક.૧ /કે.નિ./૨૦૨૪/1796 થી મદદનીશ કેળવણી નિરીક્ષક માટેની Special Competitive Exam નું આયોજન કરવા રાજ્ય પરીક્ષા બોર્ડને જણાવવામાં આવેલ છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા નીચેની વિગતે આ પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ છે. આ પરીક્ષા માટે લાયકાત, અનુભવ, ઉંમર વગેરે બાબતો નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણના તા.૧૬/૦૮/૨૦૨૪ના પત્ર મુજબ રાખવામાં આવેલ છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આ જાહેરનામા અંતર્ગત નીચેની વિગતે પરીક્ષાના આયોજન કરી પરીક્ષાનું પરિણામ નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીને આપવામાં આવશે. આગળની પ્રકિયા નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા કરવામાં આવશે.

મદદનીશ કેળવણી નિરીક્ષક માટે બઢતીથી નિમણૂક મેળવવા માટે નિયત લાયકાત ધરાવતા (i.e-2.(A)(I) have worked for not less than five years in the cadre of Head Teacher (HTAT), Class III in the subordinate service of the Directorate of Primary Education, Gujarat State or District Primary Education Committee or Municipal Primary Education Committee) ઉમેદવારો માટે મદદનીશ કેળવણી નિરીક્ષક Special Competitive Exam રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા જાન્યુઆરી/ફેબ્રુઆરી-૨૦૨૫ માં લેવા માટે નીચેની વિગતે આથી જાહેરનામું બહાર પાડવામાં આવે છે. સદર કસોટી/પરીક્ષા બોર્ડના આયોજન અને અમલીકરણ હેઠળ નક્કી કરેલ જિલ્લાઓમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓના સંચાલન હેઠળ લેવામાં આવશે.

❖ મદદનીશ કેળવણી નિરીક્ષક માટેની Special Competitive Exam - ૨૦૨૪ નો કાર્યક્રમ:

| ક્રમ | વિગત | તારીખ/સમયગાળો |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડવાની તારીખ | ૦૪/૧૨/૨૦૨૪ |
| ૨ | વર્તમાનપત્રોમાં કસોટી અંગે જાહેરાત પ્રસિદ્ધથવાની તારીખ | ૦૫/૧૨/૨૦૨૪ |
| ૩ | ઉમેદવારો માટે રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન ભરવાનો સમયગાળો | ૧૧/૧૨/૨૦૨૪ થી ૨૬/૧૨/૨૦૨૪ |
| ૪ | નેટ બેંકીંગ મારફત ફી સ્વીકારવાનો સમયગાળો | ૧૧/૧૨/૨૦૨૪ થી ૨૭/૧૨/૨૦૨૪ |
| ૫ | પરીક્ષાની સંભવિત તારીખ | જાન્યુઆરી/ફેબ્રુઆરી |

❖ <u>લાયકાતની વિગતો:</u>

શિક્ષણ વિભાગના તા:૩૧/૦૧/૨૦૧૯ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૦૭/પીઆરઇ/૧૧૨૦૧૨/એસએફ-૫/કે, તા:૨૧/૦૧/૨૦૨૧ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૦૨/પીઆરઇ/૧૧૨૦૧૨/એસએફ-૫/કે અને તા:૦૭/૦૮/૨૦૨૩ જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૨૯/પીઆરઇ/૧૧૨૦૨૧/એસએફ-૧૯/કે મુજબ મદદનીશ કેળવણી નિરીક્ષક માટેની Special Competitive Exam – ૨૦૨૪ માટેની લાયકાત નીચે પ્રમાણેની રહેશે.

The candidate who possesses the requisite qualifications, for the post of Assistant Education Inspector, Class III, in the Subordinate Services of the Directorate of Primary Education or Respective District or Municipal Primary Education Committee, prescribed under the relevant recruitment rules (i.e-2.(A)(I) have worked for **<u>not less than five years in the cadre of Head Teacher (HTAT), Class III in the subordinate service of the Directorate of Primary Education, Gujarat State or District Primary Education Committee or Municipal Primary Education Committee) shall be eligible for admission to the Examination.</u>** Provided that no person shall be eligible to appear in the examination if any department inquiry or legal matter regarding seniority or date of appointment is pending before the court of law on the date of application.

વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ અન્ય વિગતોની વિગતોની ચકાસણી બઢતી/ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે બઢતી/ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે. રાજ્ય પરીક્ષા બોર્ડ ફી ભરેલ તમામ ઉમેદવારોને પરીક્ષામાં બેસવા તક આપશે. તેથી પરીક્ષા આપી પાસ થવાથી બઢતી/ભરતી માટે લાયક ગણી શકાશે તેવો દાવો કરી શકાશે નહી. આ અંગે બઢતી/ભરતી સમિતિ જે નિર્ણય લે તે આખરી ગણાશે.

❖ <u>નોંધ:</u>

**બઢતી માટેની કાર્યવાહી** બઢતી/ભરતી સમિતિ દ્વારા કરવામાં આવશે. નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની કચેરીની મળેલ સુચના મુજબ જે HTAT મુખ્ય શિક્ષક જે જિલ્લા/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં હાલ ફરજ બજાવતા હોય તેજ જિલ્લા/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની આ જગ્યા માટે લાયક ગણાશે.

❖ <u>કસોટીનું માળખુ:</u>

શિક્ષણ વિભાગના તા. ૦૭–૦૮–૨૦૨૩ના જાહેરનામાં ક્રમાંક:જીએચ/એસએચ/૨૯/પીઆરઇ/૧૧૨૦૨૧/એસએફ-૧૯/કે મુજબ નીચે પ્રમાણે રહેશે.

- આ કસોટી બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી સ્વરૂપની **(Multiple Choice Question Based-MCQs) અને (Without books only)** રહેશે.
- આ કસોટી બે વિભાગમાં રહેશે. વિભાગ-૧ માં ૫૦ પ્રશ્નો તથા વિભાગ-૨ માં ૧૫૦ પ્રશ્નો રહેશે.
- આ કસોટીના બંન્ને વિભાગ અને તમામ પ્રશ્નો ફરજીયાત રહેશે. આ કસોટીના બંન્ને વિભાગનું સળંગ એક જ પ્રશ્નપત્ર રહેશે.
- આ કસોટીમાં વિવિધ હેતુલક્ષી કુલ ૨૦૦ પ્રશ્નો માટેના પ્રશ્નપત્રનો સળંગ સમય ૧૨૦ મિનીટનો રહેશે.
- પ્રશ્નપત્રનું માધ્યમ ગુજરાતી રહેશે.

વિભાગ - ૧: કુલ ૫૦ પ્રશ્નો: દરેકનો એક ગુણ: કુલ ગુણ: ૫૦

- **Geography of India – Physical, Economic, Social, Natural resources and Population issues with special reference to Gujarat.**
- **History of India – With special reference to Gujarat**
- **General Mental Ability Test**
- **Fundamental Rights and Duties, Directive Principles of State Policy**
- **General Science, Environment and Information and Communication Technology (ICT)**
- **Current Events of Regional, National and International Importance**

વિભાગ ૨ : કુલ ૧૫૦ પ્રશ્નો: દરેકનો એક ગુણ: કુલ ગુણ: ૧૫૦

- **1. The Gujarat Primary Education Act. 1947**
  **1.1 Chapter-3 Section 13 Powers, duties and functions of district school boards**
  **Section 17 Duties and functions of authorized municipalities**
  **Section 18 Powers, duties and functions of municipal school boards**
  **1.2 Chapter-5 Section 20 to 24**
  **1.3 Chapter-7 Section 38 Subjects, curricula, etc. of approved schools**
  **1.4 Chapter-7B Section 40B Dismissal, removal or reduction in rank of teachers**
  **Section 40C Resignation of a teacher**
  **1.5 Chapter-9 Section 48 to 51**
- **2. The Bombay Primary Education Rules, 1949**
  **2.1 Chapter-5 Administrative machinery**
  **2.2 Chapter-9 Power and Duties of Officers appointed by Government under Section 48(1) of the Act**
  **Chapter-11B Miscellaneous-B Provident Funds, Gratuities and Pensions**
- **3. Education Policies in India, NEP-2020**
- **4. Management of Educational Institutions in Gujarat**
- **5. Various schemes of Central Government and State Government related with Primary Education**
- **6. Role, structure and functions of various institutions associated with Primary Education**
- **7. The Gujarat Educational Institutions Services Tribunal Act, 2006**
- **8. The Gujarat Civil Services (Leave) Rules, 2002**
- **9. The Gujarat Civil Services (Pension) Rules, 2002**

- 10. Recommendations of various Committees in Education Field
- 11. Education related Constitutional Provisions
- 12. Current affairs and recent inventions related with these fields and Pedagogy
- 13. The Right to Information Act – 2005
- 14. The Right to Education Act – 2009
- 15. The Right to Education Rules – 2012

- દરેક પ્રશ્નનો એક ગુણ રહેશે.
- આ કસોટીઓના મુલ્યાંકનમાં કોઇ નકારાત્મક મુલ્યાંકન રહેશે નહી.
- પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ શિક્ષણ વિભાગ દ્વારા વખતો વખત ઠરાવવામાં આવે તે મુજબનો રહેશે.

## ❖ પરીક્ષા ફી:

- SC અને ST કેટેગરીના ઉમેદવારો માટે પરીક્ષા ફી 400/ - (ચારસો પુરા) + 18% GST જયારે (SC અને ST કેટેગરી સિવાયના) અન્ય તમામ કેટેગરીના ઉમેદવારો માટેની પરીક્ષા ફી 500/- (પાંચસો પુરા) 18% GST ફી ભરવાની રહેશે. આ ઉપરાંત સર્વિસ ચાર્જ અલગથી રહેશે.
- કોઇપણ સંજોગોમા ભરેલ ફી પરત કરવામા આવશે નહિ.

## ❖ ફી ભરવાની પધ્ધતિ:

- ઉમેદવાર ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા DEBIT CARD/NET BANKING/CREDIT CARD/UPI થી પરીક્ષા ફી ભરી શકશે. ઓનલાઇન ફી જમા કરાવવા માટે Print Application/Pay Fees" ઉપર ક્લીક કરવું અને વિગતો ભરવી. ત્યાર બાદ Online Payment" ઉપર ક્લીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking of fee" અથવા Other Payment Mode" ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઇ ગઇ છે તેવું screen પર લખાયેલું આવશે. અને e-receipt મળશે જેની પ્રિન્ટ કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઇ ખામી હશે તો screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.
- ઓનલાઇન ફી ભરનાર ઉમેદવારે જો તેના બેંક ખાતામાંથી ફીની રકમ કપાયા બાદ ફીની e-receipt જનરેટ ન થઇ હોય તો તેવા ઉમેદવારોએ તાત્કાલિક રાજ્ય પરીક્ષા બોર્ડનો ઇ-મેલ (gseb21@gmail.com) થી સંપર્ક કરવાનો રહેશે.

## ❖ પરીક્ષા કેન્દ્ર:

- પરીક્ષા માટે નોંધાયેલ ઉમેદવારોની સંખ્યા તથા પરીક્ષાલક્ષી વહીવટી અનુકૂળતા અનુસાર રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગુજરાત રાજ્યમાં જ કસોટી/પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવશે. ઉમેદવારે બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલ પરીક્ષા કેન્દ્ર પર સ્વખર્ચે પરીક્ષા આપવા ઉપસ્થિત રહેવાનું રહેશે.

## ❖ પ્રશ્નપત્રના માધ્યમ:

- પ્રશ્નપત્રનું માધ્યમ ગુજરાતી રહેશે.

❖ **અગત્યની સુચનાઓ:**

1. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ પછીથી વેબસાઈટ નિયમિત જોતા રહેવું આવશ્યક છે.
2. પરીક્ષા સંબંધી વિગતોથી સતત માહિતગાર થવા માટે **http://www.sebexam.org** વેબસાઈટ જોતા રહેવાનું રહશે.
3. ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અંગે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ખરાઈ કરવામાં આવતી નથી. આથી વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ અન્ય વિગત માટે ઉમેદવાર પોતે જવાબદાર રહે છે.
4. આ કસોટી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આવેદનપત્ર ઓનલાઇન ભરાવવામાં આવે છે અને તેમાં જે માહિતી માંગેલ હોય તે માહિતીની વિગતો ઉમેદવાર દ્વારા છુપાવવામાં આવી હોય અથવા ખોટી માહિતી આપવાનું બોર્ડને માલુમ પડશે તો તેવા ઉમેદવારના પરિણામ રદ કરવાનો નિર્ણય અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ લેશે. પરીક્ષાલક્ષી તમામ બાબતો માટે અધ્યક્ષશ્રી રાજ્ય પરીક્ષા બોર્ડનો નિર્ણય આખરી રહેશે.
5. ઉમેદવારે પોતે ભરેલ ફોર્મની વિગત સાચી છે તેવું પ્રમાણપત્ર ઓનલાઈન આપવાનું રહેતુ હોઈ જો કોઈ ખોટી વિગત રજુ કરશે તો તેનુ ફોર્મ રદ થવા પાત્ર બનશે તથા તેની સામે ફોજદારી ગુનો બનશે.
6. વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ અન્ય વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે.
7. અનુસૂચિત જાતિના તેમજ અનુસૂચિત જનજાતિના કિસ્સામાં સક્ષમ અધિકારીનું જાતિ પ્રમાણપત્ર હોવું જરૂરી છે.
8. જે ઉમેદવારે નિયત પરીક્ષા ફીની પે સ્લીપની રસીદ મેળવેલ હશે તે જ ઉમેદવાર પોતાની કમ્પ્યુટરાઈઝ હોલટિકિટ પોતાનો કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખ નાખી ડાઉનલોડ કરી શકશે.
9. ઉમેદવારે હોલટિકિટ ડાઉનલોડ કર્યા બાદ તેની નીચે/પાછળ આપેલી સૂચનાઓનો વિગતવાર અભ્યાસ કરવો. OMR શીટ પર છાપેલ તમામ સૂચનાઓનો વિગતવાર અભ્યાસ કરવો ખૂબ જ જરૂરી છે. જેથી પરીક્ષા સમયે કોઈ ગુંચવણ ઊભી ન થાય.
10. આ કસોટીમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ કેટેગરી ધરાવતા ઉમેદવારોના કિસ્સામાં વિભાગ-૧ અને ૨ બંન્નેમાં મળી ઓછામાં ઓછા 35% (70 ગુણ) મેળવેલ હશે તો જ પાસ ગણાશે.
11. (SC અને ST કેટેગરી સિવાયના) અન્ય તમામ કેટેગરીના ઉમેદવારો માટે વિભાગ-૧ અને ૨ બંન્નેમાં મળી ઓછામાં ઓછા 40% (80 ગુણ) મેળવેલ હશે તો જ પાસ ગણાશે.

    નોંધ: આ પરીક્ષાનું માળખુ, પરીક્ષા પધ્ધતિ અને બાકીની સુચનાઓ પરીક્ષા પહેલા સરકારશ્રીના વખતોવખતના ઠરાવો, સુચનાઓ અને જોગવાઈઓને આધિન રહેશે.
12. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાઈ રહેલ આ કસોટી બાબતે ઉમેદવારોને લાલચ કે છેતરપીંડી આચરે તેવા અસામાજિક તત્વોથી સાવધ રહેવા જણાવવામાં આવે છે. કોઈપણ પ્રકારાની લાગવગ/દબાણ લાવનાર ઉમેદવારને ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.
13. ઉકત જાહેરાત અન્વયે વધુ માહિતીની જરૂર જણાય તો કચેરીના ચાલુ કામકાજના દિવસે કચેરી સમય દરમિયાન બોર્ડની કચેરીના હેલ્પલાઈન નંબર (079) 23248461, 23248462 ઉપર સંપર્ક કરી શકાશે.

❖ **ઓનલાઈન અરજી કરવાની રીત :**

- આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૧૧/૧૨/૨૦૨૪ થી તા:૨૬/૧૨/૨૦૨૪ દરમિયાન **http://www.sebexam.org** પર ઓનલાઈન જ અરજીપત્રક સ્વીકારવામાં આવશે. ઉમેદવારે નિયત કરેલ ફોર્મ ઓનલાઈન ભરવા માટેની સૂચનાઓ નીચે મુજબની છે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે.
- અરજી ફોર્મ ચોકસાઈપૂર્વક online ભરવાનું રહેશે. નામ, અટક, જન્મ તારીખ, જાતિ (કેટેગરી) કે અન્ય કોઈ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.
- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ **http://www.sebexam.org** પર જવું.
- "Apply Online" પર Click કરવું.
- Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌ પ્રથમ Personal Details ઉમેદવારે ભરવી. (અહીં લાલ(*) કુંદડીની નિશાની જયાં હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)
- Educational Details ઉપર Click કરીને તેની વિગતો પૂરેપૂરી ભરવી.
- હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં Upload Photo પર click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યાર બાદ OK પર Click કરો. અહીં Photo અને Signature upload કરવાના છે. Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG Format માં (15 KB) સાઈઝથી વધારે નહીં તે રીતે સોફ્ટકોપીમાં હોવા જોઈએ. Browse Button પર Click કરો. હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં JPG Format માં તમારો Photo Store થયેલ છે તે ફાઇલને તેમજ તમારી Sign Store થયેલ છે તે ફાઈલને તેમજ જે Certificates Store થયેલ છે તે બધી ફાઈલને Select કરો અને Open Button ને Click કરો. અને Upload Button પર Click કરો, હવે બાજુમાં તમારો Photo, Sign તેમજ તમારા બધા Certificates દેખાશે.
- હવે પેજના ઉપરના ભાગમા Confirm Application પર Click કરો અને Application Number તથા Birth Date Type કર્યા બાદ Submit પર Click કરવાથી Application Preview દેખાશે અને Confirm Application પર Click કરી પોતાની અરજી Confirm કરવાની રહેશે
- **વધુમાં ઉમેદવારે વિગતો ભરતી વખતે જો પોતાના નામ, અટક, જન્મ તારીખ કે કેટેગરી જો કોઈ ભૂલ કરેલ હશે તો પાછળથી કોઈ સુધારો કરવામાં નહી આવે તેની ઉમેદવારે ખાસ ધ્યાન રાખવું.**
- Confirm Application પર Click કરવાથી ઉમેદવારની અરજીનો બોર્ડમાં online સ્વીકાર થઈ જશે. અહીં Confirm Number Generate થશે. જે ત્યારપછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ ઉમેદવારે સાચવવાનો રહેશે. ઉમેદવારે બોર્ડ સાથે કોઈપણ પત્રવ્યવહાર કે રજૂઆત કરતી વખતે પોતાનો આ Confirmation Number દર્શાવવાનો રહેશે.
- આ પરીક્ષાની ફી માત્ર ઓનલાઈન પેમેન્ટ મોડ થી ભરવાની રહેશે.
- ઉમેદવારે ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા DEBIT CARD/NET BANKING/CREDIT CARD/UPI થી પરીક્ષા ફી ભરી શકશે.

નોંધઃ વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ અન્ય વિગતોની વિગતોની ચકાસણી બઢતી/ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે બઢતી/ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે. રાજ્ય પરીક્ષા બોર્ડ ફી ભરેલ તમામ ઉમેદવારોને પરીક્ષામાં બેસવા તક આપશે. તેથી પરીક્ષા આપી પાસ થવાથી બઢતી/ભરતી માટે લાયક ગણી શકાશે તેવો દાવો કરી શકાશે નહી. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પરિણામની વિગતો નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીને મોકલી આપવામાં આવશે. આ અંગે બઢતી/ભરતી સમિતિ જે નિર્ણય લે તે આખરી ગણાશે.

સ્થળ:ગાંધીનગર

તારીખ:૦૪/૧૨/૨૦૨૪

અધ્યક્ષ

રાજય પરીક્ષા બોર્ડ

ગાંધીનગર

<u>**નકલ સવિનય જાણ તથા અમલ સારૂઃ**</u>

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉધોગ ભવન, ગાંધીનગર.
- મેનેજરશ્રી, બીલડેસ્ક, અમદાવાદ.

<u>**નકલ સવિનય રવાના જાણ સારૂ :**</u>

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. અગ્રસચિવશ્રી(પ્રા.મા.શિક્ષણ)ના અંગત મદદનીશ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- શાસનાધિકારીશ્રી, તમામ.

મદદનીશ કેળવણી નિરિક્ષક વર્ગ-૩ ની SPECIAL COMPITATIVE EXAM(SEMI DIRECT)થી જિલ્લા શિક્ષણ સમિતિ અને નગર શિક્ષણ સમિતિમાં ભરવા પાત્ર કક્ષાવાર જગ્યાઓની વિગત

| ક્રમ | જિલ્લા/ નગર શિક્ષણ સમિતિનું નામ | બઢતીની મદદનીશ કેળવણી નિરિક્ષકની કુલ ખાલી જગ્યાઓ | બઢતીથી મદદનીશ કેળવણી નિરિક્ષકની ભરવાની કુલ જગ્યાઓ | ભરવાં પાત્ર જગ્યાઓ પૈકી કક્ષાવાર જગ્યાઓ | | |
|---|---|---|---|---|---|---|
| | | | | બિન અનામત | અનુ.જાતિ | અનુ. જનજાતિ |
| 1 | અમદાવાદ જિલ્લા શિક્ષણ સમિતી | 4 | 4 | 4 | 0 | 0 |
| 2 | અમરેલી જિલ્લા શિક્ષણ સમિતી | 4 | 4 | 2 | 2 | 0 |
| 3 | અરવલ્લી જિલ્લા શિક્ષણ સમિતી | 5 | 5 | 5 | 0 | 0 |
| 4 | આણંદ જિલ્લા શિક્ષણ સમિતી | 5 | 5 | 5 | 0 | 0 |
| 5 | કચ્છ જિલ્લા શિક્ષણ સમિતી | 7 | 7 | 7 | 0 | 0 |
| 6 | ખેડાજિલ્લા શિક્ષણ સમિતી | 5 | 5 | 5 | 0 | 0 |
| 7 | ગાંધીનગર જિલ્લા શિક્ષણ સમિતી | 2 | 2 | 2 | 0 | 0 |
| 8 | ગીર-સોમનાથ જિલ્લા શિક્ષણ સમિતી | 5 | 5 | 5 | 0 | 0 |
| 9 | છોટાઉદેપુર જિલ્લા શિક્ષણ સમિતી | 2 | 2 | 2 | 0 | 0 |
| 10 | જામનગર જિલ્લા શિક્ષણ સમિતી | 3 | 3 | 3 | 0 | 0 |
| 11 | જુનાગઢ જિલ્લા શિક્ષણ સમિતી | 5 | 5 | 2 | 3 | 0 |
| 12 | ડાંગ જિલ્લા શિક્ષણ સમિતી | 2 | 2 | 2 | 0 | 0 |
| 13 | તાપી જિલ્લા શિક્ષણ સમિતી | 4 | 4 | 3 | 0 | 1 |
| 14 | દાહોદ જિલ્લા શિક્ષણ સમિતી | 5 | 5 | 4 | 1 | 0 |
| 15 | દેવભૂમિ દ્વારકાજિલ્લા શિક્ષણ સમિતી | 2 | 2 | 2 | 0 | 0 |
| 16 | નર્મદા જિલ્લા શિક્ષણ સમિતી | 3 | 3 | 3 | 0 | 0 |
| 17 | નવસારી જિલ્લા શિક્ષણ સમિતી | 2 | 2 | 1 | 1 | 0 |
| 18 | પંચમહાલ જિલ્લા શિક્ષણ સમિતી | 5 | 5 | 3 | 0 | 2 |
| 19 | પાટણ જિલ્લા શિક્ષણ સમિતી | 3 | 3 | 3 | 0 | 0 |
| 20 | પોરબંદર જિલ્લા શિક્ષણ સમિતી | 2 | 2 | 0 | 2 | 0 |
| 21 | બનાસકાંઠા જિલ્લા શિક્ષણ સમિતી | 9 | 9 | 9 | 0 | 0 |
| 22 | બોટાદ જિલ્લા શિક્ષણ સમિતી | 1 | 1 | 1 | 0 | 0 |
| 23 | ભરૂચ જિલ્લા શિક્ષણ સમિતી | 6 | 6 | 5 | 1 | 0 |
| 24 | ભાવનગર જિલ્લા શિક્ષણ સમિતી | 7 | 7 | 7 | 0 | 0 |
| 25 | મહિસાગર જિલ્લા શિક્ષણ સમિતી | 4 | 4 | 4 | 0 | 0 |
| 26 | મહેસાણા જિલ્લા શિક્ષણ સમિતી | 6 | 6 | 6 | 0 | 0 |
| 27 | મોરબી જિલ્લા શિક્ષણ સમિતી | 3 | 3 | 3 | 0 | 0 |
| 28 | રાજકોટ જિલ્લા શિક્ષણ સમિતી | 7 | 7 | 4 | 2 | 1 |
| 29 | વડોદરા જિલ્લા શિક્ષણ સમિતી | 4 | 4 | 4 | 0 | 0 |
| 30 | વલસાડ જિલ્લા શિક્ષણ સમિતી | 5 | 5 | 5 | 0 | 0 |
| 31 | સાબરકાંઠા જિલ્લા શિક્ષણ સમિતી | 6 | 6 | 6 | 0 | 0 |
| 32 | સુરત જિલ્લા શિક્ષણ સમિતી | 7 | 7 | 4 | 0 | 3 |
| 33 | સુરેન્દ્રનગર જિલ્લા શિક્ષણ સમિતી | 6 | 6 | 6 | 0 | 0 |
| 34 | વડોદરા નગર શિક્ષણ સમિતિ | 1 | 1 | 1 | 0 | 0 |
| 35 | રાજકોટ નગર શિક્ષણ સમિતિ | 1 | 1 | 1 | 0 | 0 |
| 36 | અમદાવાદ નગર શિક્ષણ સમિતિ | 2 | 2 | 2 | 0 | 0 |
| 37 | સુરત નગર શિક્ષણ સમિતિ | 1 | 1 | 1 | 0 | 0 |
| | રાજ્યની કુલ એકંદર | 151 | 151 | 132 | 12 | 7 |

વહીવટી અધિકારી
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ગુ. રા., ગાંધીનગર.